eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 293
October 21, 2011



## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૫/૧૦/૨૦૧૧ના રોજ રાંદેર ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૫/૧૦/૨૦૧૧, શનિવારના રોજ રાંદેર ઝોન વિસ્તારમાં (૧) ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ, છત્રપતિ શિવાજી માર્ગ, રંગીલા સોસાયટી જંકશન, અડાજણ, સુરત ખાતે વાંચનાલયની લોકાર્પણવિધિ તથા (૨) માંડવી ઓવારો, રાંદેર ગામ, સુરત ખાતે કવિ નર્મદ પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ મા. મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈના વરદ્હસ્તે સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૫/૧૦/૨૦૧૧ના રોજ રાંદેર ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૫/૧૦/૨૦૧૧, શનિવારના રોજ રાંદેર ઝોન વિસ્તારમાં (૧) ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ, છત્રપતિ શિવાજી માર્ગ, રંગીલા સોસાયટી જંકશન, અડાજણ, સુરત ખાતે વાંચનાલયની લોકાર્પણવિધિ તથા (૨) માંડવી ઓવારો, રાંદેર ગામ, સુરત ખાતે કવિ નર્મદ પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ મા. મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈના વરદ્હસ્તે સંપન્ન થઈ.





સુરત શહેરના વરિષ્ટ નાગરિકો તથા શહેરીજનો માટે વિવિધ જ્ઞાનસભર વાંચવા–જાણવા લાયક તેમજ જ્ઞાન પીરસતા વિવિધ પુસ્તકો તેમજ અલગ અલગ પ્રાદેશિક ભાષાઓમાં પ્રગટ થતાં ન્યુઝ/સામાયિકો સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે માટે રૂા. ૧૩.૦૦ ના ખર્ચે વાંચનાલયની સુવિધા પુરી પાડવામાં આવેલ છે. જેમાં ભોંયતળીયે જેન્ટસ રીડીંગ રૂમ તેમજ પ્રથમ માળે લેડીઝ રીડીંગ રૂમની સુવિધા સાથે અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.



ગરીબ તેમજ મધ્યમ વર્ગના લોકોના બાળકો પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે તેમજ શિક્ષણ મેળવી પ્રગતિના પંથે પ્રયાણ કરી શકે એવા શુભ આશય સાથે કવિ નર્મદ પ્રાથમિક શાળાનું રૂા. ૮૬.૦૦ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લઈ ૧૫ કલાસરૂમ, ૧ પ્રિન્સીપાલ ઓફિસ,૨ વહીવટી ઓફિસ, ૧ સ્ટાફ રૂમ, ૧ કોમ્પ્યુટર રૂમ, ૧ હોલ, ૧ લાઈબ્રેરી તથા ૩ સ્ટોરરૂમ તેમજ પીવાના પાણીની સુવિધાઓ દરેક માળે ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે મા. મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, મા. સાંસદ શ્રીમતી દર્શનાબેન જશદોશ, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા. ડે. મેયરશ્રીમતિ છાયાબેન ભુવા, મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મા. શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, મા. કમિશ્નરશ્રી એમ. કે.દાસ, ન.પ્રા.શિ. સમિતિ તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ તથા શહેરના આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP